# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14/03/2026** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **હોટેલ, શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓને નવા PNG જોડાણ અપાશે- ઉચ્ચસ્તરીય બેઠકમાં નિર્ણય લેવાયો.**
2. **કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને એક હજાર 452 કિલોલીટર કેરોસીનનો કામચલાઉ જથ્થો ફાળવવામાં આવ્યો.**
3. **વિધાનસભામાં આજે શિક્ષણ અને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની અંદાજપત્રીય માગણીઓ પર ચર્ચા અને મતદાન થશે.**
4. **ED એ 183 કરોડ રૂપિયાની નાણાકીય છેતરપિંડી મામલે ભરૂચમાંથી બે આરોપીની ધરપકડ કરી.**
5. **લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંના વેચાણ માટે નોંધણીની તારીખ લંબાવાઇ.**
6. **રાજ્યના લોકોને આજથી ગરમીમાંથી આંશિક રાહત મળવાની શક્યતા.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# CM MEET

રાજ્યના પાઈપલાઈન ગેસ વિતરણ ધરાવતા વિસ્તારોમાં રેસ્ટોરન્ટ, હોટેલ્સ, શૈક્ષણિક સંસ્થાઓ, સામાજિક-ધાર્મિક સંસ્થાઓને તેમની જરૂરિયાત મુજબ નવા પીએનજી જોડાણ અપાશે.

ગઇકાલે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્યમાં **PNG** ગેસ તથા પેટ્રોલિયમ પેદાશોની સ્થિતિ અંગે યોજાયેલી ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. રાજ્યમાં પાઈપલાઈન દ્વારા ગેસ પુરવઠો મેળવી રહેલા નાગરિકો માટે પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાની પણ સરકારે ખાતરી આપી.

આ અંગે પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ પ્રતિક્રિયા આપી હતી.

બાઇટ : જીતુ વાઘાણી, પ્રવક્તા મંત્રી

# KEROSENE SUPPLY

પ્રવર્તમાન ભૂ-રાજકીય પરિસ્થિતિને કારણે ઉર્જા પુરવઠા પર ઉભા થયેલા જોખમોને પહોંચી વળવા માટે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને વર્ષ 2025-26 માટે એક હજાર 452 કિલોલીટર કેરોસીનનો કામચલાઉ જથ્થો ફાળવવામાં આવ્યો છે. આ જથ્થાનો મુખ્ય ઉપયોગ રાંધણ અને પ્રકાશ માટે કરવાનો રહેશે, એમ અન્ન નાગરિક પુરવઠા વિભાગની યાદીમાં જણાવાયું છે.

રાજ્યના આદિજાતિ જિલ્લાઓના ગ્રામીણ વિસ્તારના અંત્યોદય તથા પીએચએચ પરીવારોને કેરોસીનનો જથ્થો ફાળવવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.

કેન્દ્ર સરકારે ફાળવેલ એક હજાર 452 કિલોલીટરમાંથી દરેક જિલ્લામાં કલેક્ટર હસ્તક 36 હજાર લીટરની ફાળવણી કરાશે. જેમાં પરીવાર દીઠ પાંચ લીટર તથા સંસ્થા દીઠ 25 લીટર ફાળવણી કલેક્ટર કરી શકશે.

## LPG STORAGE DIST.

રાજ્યમાં ઘરેલું LPG ગેસનો પૂરતો પૂરવઠો ઉપલબ્ધ કરાવવા સરકાર પ્રતિબદ્ધ છે. આ માટે વિવિધ જીલ્લામાં પુરવઠાનું સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.

અમદાવાદ જિલ્લામાં LPG સિલિન્ડરના પૂરતા જથ્થાના વિતરણને સુનિશ્ચિત કરવા જિલ્લા વહીવટીતંત્ર કામ કરી રહ્યું છે. રાજકોટમાં યુનિવર્સિટી રોડ પર રેસ્ટોરન્ટ-ફરસાણની દુકાનોમાં ઘરેલુ સિલિન્ડરના વપરાશ બાબતે ગઇકાલે સઘન ચેકિંગ હાથ ધરાયું હતું. આ કાર્યવાહીમાં નિયમ અનુસાર ઉપયોગ ન થતો હોય તેવા સિલિન્ડર સીઝ કરાયા હતા.

સુરત જિલ્લામાં LPG સિલીન્ડરનો અનધિકૃત સંગ્રહ, કાળાબજારી અથવા નિયત કરેલી કિંમત કરતાં વધુ ભાવ વસુલ કરનારા સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરાશે. જિલ્લા પુરવઠા અધિકારીએ નાગરિકોને અફવાઓથી દૂર રહેવા અપીલ કરી હતી. પોરબંદર જિલ્લામાં પણ LPGના ગેરકાયદે વપરાશને રોકવા તમામ તાલુકામાં મામલતદારોને સઘન તપાસ કરવા સૂચના અપાઈ છે.

# PM KISAN

રાજ્યના 49 લાખ 59 હજારથી વધુ ખેડૂતોને PM કિસાન સમ્માન નિધિ યોજના”ના 22મા હપ્તા હેઠળ નાણાકીય સહાય અપાઈ.

ગઇકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આસામના ગુવાહાટી ખાતેથી આ હપ્તા હેઠળ દેશના 9 કરોડ 32 લાખ ખેડૂતોના ખાતામાં સહાય જમા કરાવી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે યોજાયેલા રાજ્યકક્ષાના કાર્યક્રમમાં રાજ્યના ખેડૂતોને એક હજાર 28 કરોડની સહાય ચૂકવાઈ હોવાનું કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું.

બાઇટ : જીતુ વાઘાણી, કૃષિ મંત્રી

# PM KISAN DISTRICT

રાજ્યના વિવિધ જિલ્લામાં ગઇકાલે PM કિસાન ઉત્સવ દિવસની ઉજવણી અને મિલેટ મેળાનું આયોજન કરાયું. જે અંતર્ગત પંચમહાલ જીલ્લાના એક લાખ 95 હજારથી વધુ ખેડૂતોને પીએમ કિસાન સમ્માન નિધિ હેઠળ 22માં હપ્તાની રકમ તેમના ખાતામાં જમા કરાવાઈ.

રાજકોટમાં જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં દોઢ લાખથી વધુ ખેડૂતોને 38 કરોડથી વધુની સહાય અપાઈ. પાટણ જિલ્લાના એક લાખ 82 હજારથી વધુ ખેડૂતોને 37 કરોડથી વધુની સહાય DBT મારફતે જમા કરાવાઈ હતી.

બીજી તરફ બનાસકાંઠાના ખેડૂત ગોરમ પટેલે આર્થિક સહાય મળતા કેન્દ્ર સરકારનો આભાર માન્યો હતો...

**BYTE: GORAMBHAI PATEL, FARMER**

તાપી જિલ્લાના 90 હજારથી વધુ ખેડૂત કુટુંબોને 19 કરોડથી વધુની સહાય જાહેર કરાઇ છે. ડાંગના આહવા ખાતે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજય પટેલની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાના 'પી.એમ.કિસાન ઉત્સવ દિવસ'ની ઉજવણી કરવામાં આવી.

છોટાઉદેપુરમાં યોજાયેલા મિલેટ મેળામાં ખેડૂતોને શ્રી અન્ન વિશે વિસ્તૃત માહિતી અપાઈ હતી. સોમનાથ ખાતે જિલ્લાકક્ષાના 'પી.એમ.કિસાન ઉત્સવ દિવસની ઉજવણી અંતર્ગત લાભાર્થી ખેડૂતોને ટ્રેક્ટર સહાય યોજનાના હૂકમોનું વિતરણ કરાયું. મહેસાણા જિલ્લાના બે લાખ 35 હજારથી વધુ ખેડૂતોના ખાતામાં ડીબીટીના માધ્યમથી 48 કરોડ રૂપિયાની સહાય જમા કરાવાઈ હતી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.................................

# VIDHANSABHA

ગુજરાત વિધાનસભામાં આજે સવારે નવ કલાકે પ્રશ્નોતરીથી ગૃહની કાર્યવાહી શરૂ થશે. જેમાં સામાન્ય વહીવટ, માર્ગ અને મકાન, ખાણ અને ખનિજ સહિતના વિભાગના પ્રશ્નો રજૂ થશે. ઉપરાંત પાણી પુરવઠા, જળ સંપતિ અને મહિલા અને બાળ વિકાસ વિભાગની પ્રશ્નોતરી પણ થશે.

ગૃહમાં આજે શિક્ષણ અને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની અંદાજપત્રીય માગણીઓ પર ચર્ચા અને મતદાન થશે.

# DYCM – SCHOOL INAUGURATION

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતના પીપલોદ ખાતે ૩ કરોડ ૪૦ લાખના ખર્ચે પ્રાથમિક શાળાના નવનિર્મિત ભવનનું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે દેશમાં સુરત એકમાત્ર એવું શહેર છે, જ્યાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા છ ભાષાઓમાં વિદ્યાર્થીઓને શિક્ષણ પૂરું પાડવામાં આવે છે. શ્રી સંઘવીએ વિદ્યાર્થીઓને સાયકલ વિતરણ કરી પ્રોત્સાહિત કર્યા હતા.

# ED ARREST

પ્રવર્તન નિદેશાલય-ED એ 183 કરોડ રૂપિયાની નાણાકીય છેતરપિંડી મામલે ભરૂચમાંથી બે આરોપીની ધરપકડ કરી. EDએ જણાવ્યું કે સુધીર દલસુખભાઈ

કોટડિયા અને ઉમંગ સંતીભાઈ કોટડિયા સામે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની જોગવાઈઓ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

આરોપીઓને મુંબઈની એલડી વિશેષ **PMLA** અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા અને અદાલતે વધુ તપાસ માટે 20 માર્ચ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

## TEKA NA BHAV

લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંના વેચાણ માટેની નોંધણીની તારીખ લંબાવાઇ છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર નોંધણીની પ્રક્રિયામાં વધુ **15** દિવસનો વધારો કરાયો છે.

અગાઉ નોંધણી માટે પહેલી ફેબ્રુઆરીથી પહેલી માર્ચ સુધીનો સમયગાળો નિયત કરાયો હતો, જે હવે 27 માર્ચ સુધી કરાયો છે. ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ માટે ઘઉંનો લઘુત્તમ ટેકાનો ભાવ બે હજાર 585 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ જાહેર કરાયો છે.

## WEATHER

રાજ્યના લોકોને આજથી ગરમીમાંથી આંશિક રાહત મળવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં કમોસમી વરસાદની પણ આગાહી છે.

**18 માર્ચે કચ્છ, બનાસકાંઠા, પાટણમાં માવઠાની શક્યતા હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું.**

**બાઇટ : ડૉ.એ.કે.દાસ, નિયામક**

## EARTHQUAKE

**કચ્છમાં મોડી રાત્રે થોડા સમયના અંતરાલમાં બે ભૂકંપના આંચકા અનુભવાયા. એક વાગીને 28 મિનિટે આવેલા આંચકાની તીવ્રતા ૨.૭ નોંધાઈ હતી. જેનું કેન્દ્ર ભચાઉથી 18 કિલોમીટર દૂર નોંધાયું હતું. આ પહેલા રાત્રે ૧૦:૫૨ મીનીટે 3.4ની તીવ્રતાનો આંચકો નોંધાયો. જેનું કેન્દ્રબિંદુ દુધઈ વિસ્તારમાં નોંધાયું હતું.**

---------------------------------------------